જમીનની ફળદ્રુપતા સાચવવા પાક ફેરબદલી અનિવાર્ય

ફેરબદલીમાં પાકની પસંદગી મહત્વની

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

પતરાડાં અને થાળીમાં ભોજન પીરસવામાં આવે તો હંમેશાં થાળીમાં પીરસેલું ભોજન જ સૌ પસંદ કરતા હોય છે તેમ જમીનની ફળદ્રુપતા જાળવવા માટે પાકની ફેરબદલી અત્યંત જરૂરી છે. વર્ષોવર્ષ એક જ પાક વાવવાથી જમીનની ફળદ્રુપતા ઘટી જતી હોય છે. જમીનના રસકસ ઓછા થતા અટકાવવા માટે અનેક રીત પૈકી એકના એક પાક નિયમિત ન લેતાં તેમાં ફેરબદલાવ કરવો જોઈએ અને આ રીતે પાકની ફેરબદલી કરવાથી જમીનની ફળદ્રુપતા લાંબા સમય સુધી જાળવી શકાય છે. રાજ્યની અનેક વિસ્તારોની જમીનોમાં અમુક પાક જ મેળવી શકાય તેવી અંધશ્રદ્ધા જેવી માન્યતા અનેક ખેડૂતોમાં ઘર કરી ગઈ છે. બિયારણ ક્ષેત્રે થયેલા અનેક સંશોધનો ખેડૂતોને ખેતી માટે પ્રોત્સાહક બની શકે તેમ છે. જેથી ખેડૂતો એકનો એક પાક દર વર્ષે ન વાવતાં ઋતુવાર અથવા તો વર્ષ પ્રમાણે ફેરબદલાવ કરી વાવવામાં આવે તો સારી ઉપજની સાથે જમીનની ફળદ્રુપતા જાળવી શકાય છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં ચોમાસા દરમ્યાન ખેતરોમાં કપાસ, મકાઈ અને તૂવરનું એકનું એક પ્રકારનું વાવેતર થતું હોવાથી જમીનો ઝડપથી તેમની ફળદ્રુપતા ગુમાવી રહી છે જેથી ખેતી તજજ્ઞો ખેડૂતોને જમીનની ફળદ્રુપતા અને સારી પાક ઉપજ મેળવવા માટે પાક ફેરબદલીની રીત અપનાવવાનું સૂચન કરી રહ્યા છે.

પાકની ફેરબદલીથી થતા ફાયદા..

બાયડ, તા.૩૦

પાકની ફેરબદલીથી ખેડૂત અને જમીનની ફળદ્રુપતાને અનેક ફાયદા થાય છે જેમાં..

-: જમીનમાં પોષક તત્વોની સમતૂલા જાળવવાથી પાકને વૃદ્ધિ અને વિકાસ સારો થાય છે.
-: રોગ અને જીવાતથી રક્ષણ મેળવી શકાય છે.
-: પરોપજીવી વનસ્પતિથી રક્ષણ મેળવી શકાય છે.
-: નિંદણનું પ્રમાણ વધતું અટકાવી શકાય.
-: જમીનની ફળદ્રુપતા જાળવવા અને તેની ભૌતિક સ્થિતિ સુધારે છે.
-: કુદરતી આફત સામે રક્ષણ મળે છે.
-: જમીનનું ધોવાણ અટકાવવા ઉપયોગી છે.

પાક પસંદગીના માપદંડો..

બાયડ, તા.૩૦

જમીન : પાકની પસંદગીનો આધાર જમીનના પ્રકાર, પોત અને ઉંડાણ ઉપર હોય છે. રેતાળ જમીનમાં ડાંગર પકવી શકાતી નથી. આવી જમીનોમાં મકાઈ, બાજરીનો પાક લઈ શકાય છે. ચોમાસામાં ક્યારીની જમીનમાં મકાઈ, બાજરી પાક થઈ શકે નહીં કારણ કે આવી જમીનોમાં લાંબા સમય સુધી પાણી ભરાઈ રહે છે અને પાક કહોવાઈને ફેલ જાય છે.

મોસમ : દરેક પાક દરેક મોસમમાં થઈ થતા નથી. વરસાદ અને હવામાનને આધારે ગુજરાતમાં ખેડૂતો ખેતી કરતા હોય છે તેમાંય શિયાળાની સીઝનમાં ઘઉં, રાયડો, જીરૂ, ચણા, વાલ વગેરેનું વાવેતર થાય છે અને જો આ ચોમાસા કે ઉનાળામાં ખેતી કરવામાં આવે તો છોડની વૃદ્ધિ થતી નથી અને ખેડૂતોને નુકસાન થતું હોય છે જેથી મોસમને અનુરૂપ પાકની પસંદગી કરવી જરૂરી છે.

પાણી અને ખાતરનો વપરાશ : ચોમાસા પછી જમીનમાં ભેજ હોય છે જેથી ખેડુતોએ દિવેલા અને જુવારનો પાક મેળવવો હીતાવહ હોય છે કાળી જમીનમાં ચોમાસું ડાંગર પછી ચણા જેવા કઠોળનો પાક લઈ શકાય છે. જ્યાં સિંચાઈની સગવડ નથી ત્યાં શેરડી, કપાસ, શાકભાજીના પાકો લઈ શકાય છે અને સિંચાઈની સુવિધા હોય તો પાકમાં ફેરબદલી કરી જમીનને ફળદ્રુપ રાખવાની સાથે સારૂ ઉત્પાદન મેળવી શકાય છે. ટૂંકમાં પાકની ફેરબદલીનો ક્રમ નક્કી કરવામાં દરેક પ્રકારનું ધ્યાન રાખવું જરૂરી છે.

સાબરકાંઠા પછી અરવલ્લીમાં કોરોનાની ત્રીજી લહેરનો પ્રારંભ

અરવલ્લીમાં ૨૪ કલાકમાં કોરોનાના ૨ કેસ, મહિલાનું મોત : પ્રજા સાવધાની નહિ રાખે તો સ્થિતિ વધુ વણસી શકે છે, આરોગ્યતંત્ર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

સાબરકાંઠામાં કોરોના વિસ્ફોટ પછી અરવલ્લીમાં પણ કોરોનાની ત્રીજી લહેરના પ્રારંભના સંકેત મળી રહ્યા છે. પાછલા ૨૪ કલાકમાં બાયડ અને માલપુરમાં કોરોના પોઝીટીવ ૨ કેસ નોંધાય છે જેમાં બાયડ તાલુકાના ડેમાઈ નજીકના પાતેરા ગામની મહિલાનું ચાલુ સારવાર દરમ્યાન મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં મોત નિપજ્યું છે. જ્યારે માલપુરના આધેડને કોરોના થતાં સારવાર શરૂ કરવામાં આવી છે. પ્રજા સાવધાની નહિ રાખે તો સ્થિતિ વધુ વણસી શકે છે. આરોગ્ય તંત્રએ કોરોના અને તેના નવા વેરિયન્ટ ઓમિક્રોનથી ડરવાની જરૂર નથી પરંતુ પ્રજાએ સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક ફરજીયાત પહેરી જરૂરી તકેદારી રાખવાની સાથે કોરોના વેક્સિનેશન બાકી હોય તો વેક્સિનેશન કરાવી લેવા અનુરોધ કર્યો છે.

લગ્નના અવસરો અને ગ્રામપંચાયતની ચુંટણીમાં જે રીતે માનવભીડ એકત્ર થઈ તે દિવસથી જ કોરોનાનું સંક્રમણ આફત નોતરશે તેવી દહેશત હવે સાચી ઠરી છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં લોકટોળામાં ગયા પછી અનેક લોકો બીમાર થયા છે. પ્રારંભિક નિદાન ભલે વાયરલ ઈન્ફેક્શનનું હોય પરંતુ અનેક ગણા કેસ કોરોના સસ્પેક્ટેડ હોવાની માન્યતા છે. અત્યાર સુધી અરવલ્લી જિલ્લામાં કોરોનાના એકપણ કેસ નોંધાયા ન હતા. ગત મે મહિનામાં કોરોનાનો કેસ નોધાય પછી આરોગ્યતંત્રને ઘણી રાહત હતી પરંતુ ત્યાર પછી પ્રજાની દેખીતી બેદરકારીએ જિલ્લાના લાખો લોકોના આરોગ્યને જોખમમાં લાવી દીધુ છે. માલપુર અને બાયડ તાલુકામાં કોરોનાના કેસ નોંધાયા પછી એ વિગતો બહાર આવી છે કે આ બંને તાલુકા મહિસાગર અને ખેડા જિલ્લાની સરહદ ઉપર આવેલા છે અને આ બંને જિલ્લામાં નોંધાયા પછી હવે અન્ય જિલ્લાના દર્દીઓ જિલ્લામાં સારવાર લેવા માટે આવતા હોવાથી આગામી એક સપ્તાહમાં કોરોનાનું સંક્રમણ જિલ્લામાં ગતિ પકડે તેવી પૂરેપૂરી દહેશત સેવાય છે. આરોગ્યતંત્રના ચોપડે ભલે પાછલાં ૨૪ કલાકમાં માત્ર ૨ પોઝીટીવ કેસ નોંધાયા હોય પરંતુ ખાનગી આંકડો વધુ ચોંકાવનારો હોઈ શકે છે.

બ્રહ્મપૂરીમાં પતિને મારી નાખવાની ધમકી આપી મહિલા સાથે દુષ્કર્મ

દુષ્કર્મના આરોપીના પરિવારે પણ મહિલાને ફટકારતાં ફરિયાદ: આરોપી પોલીસમાં ફરજ બજાવતો હોવા અંગે પોલીસનું મૌન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

ભિલોડા તાલુકાના બ્રહ્મપૂરી ગામે પતિને મારી નાખવાની ધમકી આપી મહિલા સાથે દુષ્કર્મ આચરવાની ઘટના સામે આવી છે. દુષ્કર્મના આરોપી સાથે ડોડીયાર પરિવારના સભ્યોએ પણ ભોગ બનનાર મહિલાને ધમકી આપી લોખંડના સળીયો ફટકારતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. દુષ્કર્મની ઘટનામાં મુખ્ય આરોપી પોલીસમાંથી ડીસ્મીશ થયો હોવાની વાતો બહાર આવી છે પરંતુ સ્થાનિક પોલીસ મગનું નામ મરી પાડવા માટે તૈયાર નથી. બનાવ અંગે શામળાજી પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

જિલ્લામાં મહિલાઓની છેડતી અને દુષ્કર્મના બનાવો સતત વધી રહ્યા છે. દુષ્કર્મની ગંભીર ઘટના નોંધાય તે સમયે પોલીસ કાયદાનું કારણ આગળ ધરી કેટલીક ચોંકાવનારી બાબતો ઉપર પડદો પાડવાનો પ્રયાસ કરતી હોય છે. તાલુકાના બ્રહ્મપૂરી ગામની અને છેલ્લા કેટલાક સમયથી મોડાસાના વાંટડા ગામે રહેતી ગામેતી પરિવારની મહીલા સાથે પહાડીયા ગામના પ્રભુદાસ સોમાભાઈ ડોડીયાને તા.૧૪-૫-૨૦૧૭ થી તા.૧૭-૧૨૨૦૧૧ના સમયગાળા દરમ્યાન બ્રહ્મપૂરી ગામેથી મહિલાને અલગ અલગ જગ્યાએ લઈ જઈ પતિને મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યું હતું. જો દુષ્કર્મની જાવા કોઈને કરીશ તો તારા પતિને મારી નાખીશ તેવી અપાયેલી ધમકીના કારણે મહિલા ચૂપ રહી જેમાં દુષ્કર્મના આરોપીના કુટુંબીઓએ પણ મારમારતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. ગંભીર ઘટનાનો આરોપી અમદાવાદ પોલીસ વિભાગમાંથી ડિસ્મીશ થયી હોવાની પણ વિગતો સામે આવી છે પરંતુ સ્થાનિક પોલીસે મોઢું સીવી લીધું છે. બનાવ અંગે ભોગ બનનાર મહિલાની ફરિયાદના આધારે શામળાજી પોલીસે કુલ-૫ જણ સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

આરોપી...
પ્રભુદાસ સોમાલાલ ડોડીયાર
અલકાબેન પ્રભુદાસ ડોડીયાર
(બંને રહે પહાડીયા, તા.ભિલોડ)
ચંદ્રીકાબેન (પ્રભુદાસના નાનાભાઈની પત્નિ)
(રહે.પહાડીયા)
મંજુલાબેન(પ્રભુદાસની ફોઈ)
પ્રભુદાસના ઘરે કામ કરતી મહિલા

દુષ્કર્મના આરોપીની વિગતો છૂપાવાનો પ્રયાસ..!

ભિલોડાના બ્રહ્મપૂરી ગામે મહિલા ઉપર દુષ્કર્મની ઘટના નોંધાઈ છે. મુખ્ય આરોપી અમદાવાદ પોલીસ વિભાગમાં ફરજ બજાવતો હોવાની સાથે છેલ્લા કેટલાય સમયથી તે કોઈ કારણસર ડિસ્મિથ થયો હોવાની વાતો બહાર આવી છે પરંતુ સ્થાનિક પોલીસ દ્વારા આરોપીની વિગતો છૂપાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ફરજ પરના પી.એસ.ઓ થી માંડી અન્ય તપાસ કરતા આ મુદ્દે ગોળ ગોળ જવાબ આપતા હોવાથી પોલીસની તપાસ સામે સવાલ ઉભા થયા છે.

બાય-બાય ૨૦૨૧, વેલકમ ૨૦૨૨ : થર્ટી ફર્સ્ટનો ઉલ્લાસ : યુવાધન માટે રંગીન

પાર્ટી પ્લોટ-જાણીતી હોટલોમાં નાચગાનનાં આયોજન : ફટાકડાની આતશબાજીથી નવા વર્ષનાં વધામણાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

અનેક પ્રકારે વિવાદાસ્પદ તેમજ ધંધા-રોજગાર-ખેતી ક્ષેત્રે કોરોનાના કારણે નિરસ બની રહેલા વર્ષ-૨૦૨૧ની આજે વિદાય થઈ રહી છે ત્યારે થર્ટી ફર્સ્ટના ઉલ્લાસમાં યુવાધન મસ્ત બની રાતભર નાચગાન કરશે. જિલ્લામાં થર્ટી ફર્સ્ટની ધમાકેદાર ઉજવણી કરવા યુવાધન દ્વારા ખાસ આયોજનો કરાયાં છે. જિલ્લામાં પાર્ટી પ્લોટ અને જાણીતી હોટલોમાં નાચગાનનાં આયોજનો કરાયાં છે. જિલ્લામાં શરાબ પાર્ટીઓ ઉપર પોલીસ ત્રાટકવાની હોવાથી અનેક યુવાધને સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાની રાજસ્થાન સરહદ નજીકની હોટલો ઉપર વિશેષ પાર્ટીઓનું આગોતરૂ આયોજન કર્યાનું જાણવા મળેલ છે. ફટાકડાની આતશબાજીથી રાત્રે ૧૨-૦૦ કલાકે નવા વર્ષનાં વધામણાં થશે અને શહેરી વિસ્તારોમાં નવા વર્ષના આગમનને લઈને મીઠાઈ વહેંચવાનું પણ આયોજન થયાનું જાણવા મળેલ છે.

ઉત્સવો માનવ જીવનમાં વ્યાપેલી નિરાશાને દૂર હડસેલી દેતા હોય છે. ગુજરાતી પ્રજાને મન ઉત્સવોનું અનેક ગણું મહત્વ રહેલું છે. છેલ્લા કેટલાક વર્ષથી જિલ્લામાં પશ્ચિમી દેશોની જેમ જ યુવાધન નવા અંગ્રેજી વર્ષને થર્ટી ફર્સ્ટની રાત્રિથી આવકારવા માટે થનગનાટ અનુભવતા હોય છે. જિલ્લામાં થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે બાયડ, મોડાસા, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ સહિતના અનેક વિસ્તારોમાં યુવાધન દ્વારા અનેક આયોજનો કરવામાં આવ્યાં છે. નાચગાન પાર્ટીઓની સાથે અન્ય ઓજાસ ફેલાવે તે પ્રકારની પાર્ટીઓનું ક્યારનુંય આયોજન થતું હોય તેવું જોવા મળી રહ્યું છે. આમ પણ જિલ્લાની ખ્યાતિ પ્રાપ્ત કોલેજોના યુવક-યુવતીઓ માટે થર્ટી ફર્સ્ટનું પર્વ એક ફ્રેન્ડશીપ પર્વ સમુ બની રહેતું હોય છે. જેથી આજના આ વિશેષ આયોજનમાં યુવાધન થર્ટી ફર્સ્ટની સવારથી જ નક્કી કરેલા પાર્ટી સ્થળે પહોંચી જઈ થર્ટી ફર્સ્ટની રાતભર ઉજવણી કરશે અને તેમાં ક્યાંક અડપલાં થવાની સંભાવનાઓ પણ વ્યક્ત કરાઈ રહી છે. જિલ્લાના નેશનલ હાઈવે નં.૮ ઉપરની કેટલીક હોટલોમાં થર્ટી ફર્સ્ટની ઉજવણીને લઈને હોટલો રોશનીથી શણગારી દેવાયા છે જ્યારે પ્રાઈવેટ માલિકીના ફાર્મ હાઉસોમાં કોઈનેય ગંધ શુદ્ધ ન આવે તે રીતે પાર્ટીનાં આયોજનો કરાયાનું કેટલાક યુવાધને દબાતા સ્વરે જણાવ્યું હતું.

બાયડના હેમંત પટેલની ગુજરાત પ્રદેશ ભાજપ ગૌ-સંવર્ધન સેલમાં નિયુક્તિ

ભાજપના કાર્યકરોએ અભિનંદન આપ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

બાયડના હેમંત(કકો) જશુભાઈ પટેલની ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા પ્રદેશ ગૌ-સંવર્ધન સેલની પ્રદેશ ટીમના સભ્ય તરીકે અરવલ્લી જિલ્લામાંથી એકમાત્ર નિયુક્તિ થતાં ભાજપના યુવા અગ્રણીને સંગઠન-હોદ્દેદારો તેમજ ભાજપના કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર ભાજપ દ્વારા પ્રભાવશાળી યુવા અગ્રણીઓને વિવિધ સેલમાં સમાવીને યુવા નેતૃત્વને આગળ લાવવાના પ્રયાસ શરૂ થયા છે. ગત ફેબ્રુઆરીમાં બાયડ નગરપાલિકાના ઐતિહાસિક ચુંટણી જંગમાં વોર્ડ નં.૫ માં હેમંત પટેલએ ઝંપલાવ્યું પરંતુ માત્ર નજીવા મતથી પરાજય થયો તેમછતાં યુવા નેતા બાયડ નગરજનોનું દિલ જીતવામાં સફળ રહ્યો હતો. બાયડ શહેર ભાજપ સંગઠનમાં સ્થાન મળ્યા પછી હેમંત પટેલને ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ દ્વારા પ્રદેશ ગૌ-સંવર્ધન સેલની રચના કરવામાં આવી જેમાં હેમંત પટેલને સ્થાન મળતાં અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ તેમજ બાયડ શહેર ભાજપ સંગઠન દ્વારા નિયુક્તિ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

હિંમતનગરમાં કોરોના બોમ્બનો આતંક, વધુ બે પોઝીટીવ કેસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

હિંમતનગરમાં કોરોના બોમ્બનો આતંક દિવસે-દિવસે વિસ્તરતો કેટલાંક વિસ્તારોને કન્ટેઈનમેન્ટ ઝોનમાં મુકવા પડે તેવી સ્થિતિ આવી પડી છે. શહેરમાં મેડિકલ ક્ષેત્ર સાથે સંકળાયેલા ત્રણ પરીવારો કોરોનાના સકંજામાં આવતા આવનારા દિવસોમાં શહેરમાં સ્થિતિ વધુ વિસ્ફોટક બનવાની પૂરેપૂરી સંભાવના વ્યક્ત થઈ છે. જ્યારે કોરોનાએ હિંમતનગરની સરહદો હટાવી ગામડામાં પગપેસારો કરતાં ચિંતા વધી છે. હિંમતનગરમાં છેલ્લા સાત દિવસમાં ૮ પોઝીટીવ કેસ નોંધાયા છે. જ્યારે ૧૬ થી વધુ કેસ શંકાસ્પદ હોવાની ચર્ચા ચાલી રહી છે. સાબરકાંઠા જિલ્લો ફરી એકવાર કોરોના અને ઓમિક્રોનના ખતરાની તળેટી નીચે આવી ગયો છે. વિદેશથી આવેલી મહિલા ઓમિક્રોનમાં પટકાયા પછી તેના સંપર્કમાં આવેલી સબંધી બે મહિલાઓ કોરોનાગ્રસ્ત બન્યા પછી તેમના ઓમિક્રોન રીપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. પરંતુ જે રીતે જિલ્લા અને રાજ્યકક્ષાએથી સાબરકાંઠાના કોરોના દર્દીના આંકડા જાહેર થઈ રહ્યા છે તેમાં વિસંગતતાએ અનેક સવાલ ખડકી દીધા છે. ભણેલા-ગણેલા લોકો જ સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું ભૂલતાં કોરોનાના વાહક બન્યા છે. આ સંજોગોમાં અભણ લોકો વધુ જાગૃત હોવાનું ચિત્ર ઉપસ્યું છે. હિંમતનગરના મોટીવહોરવાડ વિસ્તારમાં અમદાવાદથી આવેલ ડેન્ટીસ્ટ મહિલા કોરોનાગ્રસ્ત થયા પછી તેમના માતા પણ કોરોનામાં સપડાયા છે. જ્યારે ડેન્ટીસ્ટ મહિલાની ફિજીયોથેરાપી ૩૧ વર્ષીય બહેન પણ કોરોના સંક્રમિત થતાં મોટીવહોરવાડ વિસ્તારને ફરજીયાત કન્ટેઈનમેન્ટ ઝોનમાં મુકવા પડે તેવી સ્થિતિ આવી પડી છે. જ્યારે હિંમતનગરના ગઢોડના વૃદ્ધ પણ કોરોનાથી સંક્રમિત થયા છે. વૃદ્ધ ક્યાંય બહાર ગયા નથી તો પછી કોરોનાના સકંજામાં કેવી રીતે આવી ગયા ? ગામડામાં કોરોનાનો પ્રથમ કેસ સામે આવતા હવે જિલ્લો કોરોનાની ત્રીજી લહેરના સકંજામાં આવી રહ્યાનું કેટલાંક તબીબોએ ધીમા સ્વરે સ્વીકાર્યું છે.

કોરોના સંક્રમિત ડૉક્ટર યુવતીએ પિતરાઈ ફિજીયોથેરાપી બહેનને સંક્રમિત કરી : ગામડામાં પણ કોરોનાનું સંક્રમણ પ્રસર્યું

સાબરકાંઠા-અરવલ્લીમાં ચૂંટાયેલા સરપંચો પંચાયતોની મુદત પૂર્ણ થયા પછી ચાર્જ સંભાળશે..!!

તા.૧૫ જાન્યુઆરીથી શુભમુહુર્ત : શુભ મૂહુર્તમાં સરપંચો કાર્યભાર સંભાળશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૪૫૮ ગ્રામ પંચાયતોના પરીણામ જાહેર થયા છે અનેક નવા ઉમેદવારોએ મેદાન મારી સરપંચ અને વોર્ડ બેઠક ઉપર ઝળહળતો વિજય મેળવી કમાલ કરી દેખાડી છે. તા.૨૪ ડિસેમ્બરે ચુંટપણી પ્રક્રિયા પુરી થયા પછી આચારસંહિતાની અવધિ સમાપ્ત થઈ છે પરંતુ અત્યારે કમુહુર્ત ચાલતાં હોવાથી સરપંચો તા.૧૫ જાન્યુઆરીથી ચાર્જ સંભાળી શકે છે. સામી ઉત્તરાયણે મુહુર્તમાં માનતા ચુંટાયેલા સરપંચો પદભાર સંભાળવા મનથી મક્કમ ન હોવાનું જાણવા મળ્યું છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પંચાયતી રાજમાં સરપંચનું અનેક ગણું મહત્વ હોય છે આજે ગ્રામ પંચાયતમાં સરપંચ એક પૂંજનીય ગામ આગેવાન તરીકે પૂંજાતો હોય છે ઠીક છે કે અમૂક સરપંચો કોન્ટ્રાક્ટર બની ગયા છે. તો કેટલાકે પોતાના સગાઓને જ કોન્ટ્રાક્ટર બનાવી દઈ લણાય તેટલું લણવાનું શરૂ કરી દીધું છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૪૫૮ ગ્રામ પંચાયતોના પરિણામો જાહેર થઈ ગયાં છે. અનેક ગ્રામ પંચાયતોમાં સરપંચો માટે ગઢ આયો પરંતુ સિંહ ગુમાવ્યા જેવી સ્થિતિ નિર્માણ પામી છે. કેટલીક ગ્રામ પંચાયતોમાં સરપંચ વોર્ડમાં લઘુમતીમાં ચૂંટાયા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ટૂંકમાં અનેક ગ્રામ પંચાયતોના ચૂંટાયેલા સરપંચોની કારકીર્દી અત્યંત ટૂંકી હોવાની આગાહીઓ પણ પરિણામ પછી કરવામાં આવી રહી છે. જિલ્લામાં ચૂંટાયેલા સરપંચો ક્યારે હોદ્દો ગ્રહણ કરશે તે બાબતે અટકળો શરૂ થઈ ગઈ છે ત્યારે જે પંચાયતોની મુદત જે સમયે પૂર્ણ થતી હશે ત્યાર પછી જ નવી ચૂંટાયેલી કમીટી પોતાનો કાર્યભાર સંભાળી શકશે તેવી જોગવાઈ હોવાથી જે પંચાયતોની મુદત જાન્યુઆરી-ફેબ્રુઆરી-માર્ચમાં પૂરી થાય છે તે પંચાયત વિસ્તારોમાં ચૂંટાયેલા સરપંચ અને વોર્ડ સભ્યોને ચૂંટાયા પછીનો હોદ્દો સંભાળવામાં હજુ ૨-૩ મહિનાની રાહ જોવી પડશે તે નિશ્ચિત બન્યું છે.

સાબરકાંઠા - અરવલ્લીમાં શીત લહેરનો પ્રકોપ, પરોઢનું જનજીવન થંભ્યું

દેવમૂર્તિઓને ગરમ વસ્ત્રોમાં લપેટવામાં આવી, ઠંડીનું જોર વધવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

ઉત્તર ભારતને કાતિલ ઠંડીએ હચમચાવ્યું છે ત્યારે છેલ્લા બે દિવસથી ઉત્તર ગુજરાતમાં ઠંડીનો પ્રકોપ વધ્યો છે. સતત ત્રીજા દિવસે સાબરકાંઠા-અરવલ્લીમાં શીત લહેરનો પ્રકોપ ફરી વળ્યો હતો જેના કારણે પરોઢનું જનજીવન થંભી ગયું હતું. ઠંડીની તિવ્રતા વધતાં દેવમંદિર, બજાર, બસસ્ટેશનમાં પાંખી હાજરી જોવા મળી. આગામી દિવસોમાં ઠંડી વધુ પ્રભાવી બનવાની આગાહી છે જયારે અનેક દેવમંદીરોમાં મૂર્તિઓને ગરમ વસ્ત્રોમાં લપેટવામાં આવી હતી.

જિલ્લામાં શિયાળો શરૂ થયો છતાં ગરમીનું પ્રમાણ અનુભવાતું હતું જેના કારણે ઘઉં સહિતની રવિ ખેતીની વાવણીમાં વિલંબ થયો હતો. પરંતુ ડીસેમ્બર મહિનાના આરંભે સતત હવામાન બદલાવ જોવા મળ્યો. ત્યારબાદ મહિનાના મધ્યાંતરમાં ઠંડીનું જોર વધતાં રવિ ખેતીના વાવેતરનો વિસ્તાર સતત વધ્યો તેમાંય છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લામાં લઘુત્તમ તાપમાન ૯ ડીગ્રી સ્થિર થતાં પ્રજા ગાત્રો થીજવી દેતી ઠંડીની ઝપેટમાં આવી ગઈ છે સાંજે અંધારું થતાં જ ગ્રામીણ વિસ્તારોમાં ઠંડી વધુ પ્રભાવી બનવાથી ગામડાં ભેકાર ભાસે છે જયારે શહેરી વિસ્તારમાં પણ રાત્રે ૮ પછી રસ્તઓ ઉપર જનતા કરફયુ જેવી સ્થિતિ જોવા મળી છે. શુક્રવારની પરોઢ વર્તમાન વર્ષની સૌથી ઠંડી પરોઢ હોવાનું જાણવા મળ્યું છે. ઠંડી વધતાં પ્રજા અને પશુ પંખીઓ ઉપર આફતના સંકેત છે. તો વધુ ઠંડી રવિ ખેતી માટે ફાયદાનું ગણિત હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. કેટલાક દેવમંદિરોમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડી વધતાં દાનની આવકમાં ઓટ આવી છે જયારે કાતિલ ઠંડીના કારણે મુંગા પશુઓનું દૂધ ઉત્પાદન ઘટવા લાગ્યું છે.